બિન સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના પુર્ણકાલિન શૈક્ષણીક સ્ટાફ દ્વારા કરવામાં આવતા ખાનગી ટયુશન ઉપર પ્રતિબંધ મુકવા અંગે.

---

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક બમશ-૧૨૯૭-૧૪૬૮-૨૮૮-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૧૦-૧-૯૭

**ઠ રા વ :-**

બિન સરકારી માધ્યમિક શાળાના પુર્ણ કાલિન શૈક્ષણીક સ્ટાફ દ્વારા ખાનગી ટયુશન કરવા અંગેની જોગવાઈ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ મા વિનિયમ-૩૨ (૨) કરવામાં આવી છે. ટયુશન પ્રથાના અનિષ્ટને ધ્યાનમાં લઈ તેના ઉપર નિયંત્રણ મુકવાનું રાજય સરકારની વિચારણામાં હતું આથી આ જોગવાઈ અંગે પુન: વિચારણા કરવાની જરુર જણાઈ છે પુખ્ત વિચારણાના અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ-૩૨(૨)(ક)(ખ)(ગ) રદ કરી વિનિયમ ૩૨(૨) હેઠળ નીચે મુજબ જોગવાઈ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

વિનિયમ-૩૨(૨) : બિન સરકારી માધ્યમિક શાળાઓના પૂર્ણકાલિન શૈક્ષણીક સ્ટાફ દ્વારા મહેનતાણું લઈને કે મહેનતાણું લીધા સિવાય ખાનગી ટયુશન કરી શકાશે નહીં.

વિનિયમ-૨૭(૫) રદ કરવામાં આવે છે.

તેવી જ રીતે બિનસરકારી/ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ (વ્યવસાયલક્ષી સહિત) ના પુર્ણકાલિન શૈક્ષણીક સ્ટાફ દ્વારા મહેનતાણું લઈને કે મહેનતાણા લીધા સિવાય ખાનગી ટયુશન કરી શકાશે નહીં.

આ જોગવાઈની કડકાઈથી અમલ કરવા માટે જોગવાઈનો ભંગ કરનાર શિક્ષકો સામે સંચાલક મંડળે નિયમાનુસાર શિસ્ત વિરુધ્ધની કાર્યવાહી કરીને વિનિયમ-૨૭(ગ)(૨) માં દર્શાવેલ ક્રમાંક ૫ થી ૮ સુધીમાંથી મોટી શિક્ષાઓ કરવાની રહેશે.

ખાનગી ટયુશન કરનાર શિક્ષકોની જાણ હોવા છતાં તેઓની સામે નિયમાનુસારની કાર્યવાહી કરી પગલાં ન ભરનાર સંસ્થા સામે ગ્રાન્ટ-ઈન-કોડ નિયમ-૯૫ ની જોગવાઈઓ હેઠળ ગ્રાન્ટ કાપ. ગેના તેમજ ખાતાને યોગ્ય લાગે તેવા નિયમોનુસાર પગલાં ભરવામાં આવશે.

આ અંગે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ- ૧૯૭૪ તથા ગ્રાન્ટ -ઈન- એઈડ કોડમાં જરુરી આનુસંગીક સુધારા હવે પછી કરવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી.સી.વોરા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ,

૬૧૩૦થી ૬૫૩૦
નં.માધ્ય.ખ-૧પરીપત્ર૯૭-૯૮

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વઢવાણનો ઉતારો,રાજકોટ

તારીખ. ૧૯-૬-૯૭

નકલ જાણ તથા ચુસ્ત પણે અમલાર્થે:-

પ્રતિ,
આચાર્યશ્રી,
શ્રિ તમામ બિન સરકારી માધ્ય./ઉચ્ચ.મા. શાળાઓ તરફ.

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ